**૧૪/૧૧/૨૨ બાળદિન ઉજવણી:-** બાળદિન ઉજવણી જેમાં જાયન્ટસ ગ્રુપ ના મેમ્બર દ્વારા નર્સરી, શિશુ-૧, ૨ ના બાળકોને ચોકલેટ વિતરણ કરવામાં આવ્યું. તેમજ બાળકોએ સુંદર મજાના ડાન્સ સાથે બાળગીત રજૂકર્યા હતા. આવનાર મહેમાનો બાળકોની એકટીવીટીથી ખૂબ જ ખુશ થયા.






**૨૬/૧૧/૨૨ માતૃ સંમેલન:-** માતાનુ હૃદય બાળકની પાઠશાળા છે. આવા સારા વિચારો સાથે શાળામાં માતૃસંમેલન રાખવામાં આવ્યું હતું. નર્સરી, શિશુ-૧, ૨ માં ભણતાં ૧૨૦ જેટલા માતાઓ હાજર રહયા હતા. જેમાંથી કેટલાંક માતાઓએ કાર્યક્રમમાં હાલરડાં ગાયા હતા. ( રેખાબેન )





**૧૦/૧૨/૨૨ જોકર ડે:-** જેમાં નર્સરી, શિશુ-૧, ૨ના બાળકોએ જોકર બનીને બધાને હસાવ્યા અને આંનદ કરાવ્યા. ( રિતિષા બેન )





**૧૫/૧૨/૨૨ છાપકામ:-** છાપકામ કરવાથી કેલીગ્રાફીની સમજ પડે છે. કેલીગ્રાફી દ્વારા બાળકોની દ્રષ્ટિ વધે અને રંગોની સમજ પડે છે. ડુંગળી, ભીડા, બટાટા વડે છાપકામ કરાવી. બાળકોને કલર અને આકારોની ઓળખ કરાવવામાં આવી અને બાળકોને અલગ અલગ ડિઝાઇન વડે છાપકામ કરાવવામાં આવ્યું. (ધૃતિબેન)

**૩૧/૧૨/૨૨ સાંસ્કૃતિક કાર્યક્રમ:-** સાંસ્કૃતિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો. કુલ-૧૪૦ બાળકોએ વાલીઓના સહકાર અને શિક્ષકોની મહેનતથી સંસ્કાર, સેવા, માતા-પિતા પૂજન, સારી ટેવો, ધાર્મિક ઉત્સવો, સર્વ ધર્મ સમભાવ જેવી થીમ ઉપર ઉત્સાહ પૂર્વક ડાન્સ રજૂ કર્યા. ( સમગ્ર સ્ટાફ )







**૩,૪/૧/૨૩** તા-૫, ૬, ૭ જાન્યુ ૨૦૨૩ જ્ઞાનોત્સવ-પ્રોજેકટ પ્રદર્શન નિહાળવા માટે પૂર્વ પ્રાથિમક ગુજરાતી માધ્યમના શિક્ષકોએ તેમના ૧૪૦ વિધાર્થીઓ સાથે બે દિવસ શાળાની આસપાસના વિસ્તારમાં રેલી કાઢી હતી. જેમાં વિસ્તારના રહીશોએ બાળકોનું ઉત્સાહ પૂર્વક સ્વાગત કર્યુ. અને તેની ફલશ્રુતિ રૂપે બાળકોનાં આમંત્રણને સ્વીકારી મોટી સંખ્યામાં વાલીઓ તેમજ આસપાસના રહીશો જ્ઞાનોત્સવમાં હાજર રહયા હતા.

  

**૪/૨/૨૩ રમતોત્સવઃ** નર્સરી શિશુ,૧,૨ ના બાળકોને દોડ,દેડકાકૂદ,દડોફેક,સંગીતખુરશી,બૂટમોજાં,લીબું ચમચી,સંતોડીયુ જેવી જુદી જુદી રમતો રમાડવામા આવી હતી.જેથી બાળકોનો શારીરિક વિકાસ થાય.અને ખેલકૂદની ભાવના કેળવાય. (સમગ્ર સ્તાફ)

**૧૩/૨/૨૩ માતૃ-પિતૃ સંમેલનઃ-**શાળામાં માતૃ-પિતૃ સંમેલન યોજવામાં આવ્યો હતો. આ દિવસે બાળકો દ્વારા માતાપિતાનું પૂજ અને આરતી કરવામાં આવી.અને બાળકોએ માતૃ-પિતૃ દેવો ભવઃ ના મંત્ર બોલીને પ્રદક્ષિણા કરી હતી. આ કાર્યક્રમનો ઉદેશ એ હતો કે બાળકોના મનમાં મા-બાપને માટે પ્રેમ અને લાગણી અનુભવાય (સમગ્ર સ્ટાફ)

**૧૩/૨/૨૩ દિકરી પૂજન :-** દિકરી એટલે ઘરની લક્ષ્મી નર્સરી શિશુ,૧,૨ ના વાલીઓ (માતા-પિતા) પોતાના ઘરની દિકરીનું કકું-પગલાં કરાવી આરતી,પૂજા કરી દિકરી પૂજન કરી માતા-પિતાએ ધન્યતા અનુભવી. (સમગ્ર સ્ટાફ)

**૭/૩/૨૩ હોળી એકટીવીટી :-** લાકડીની સ્ટીક અને રંગીન કાગળમાંથી બાળકો પાસે હોલીકા દહન એકટીવીટી કરવામાં આવી અને બાળકોને હોલીકા દહન શા માટે કરવામાં આવે છે. તેનો મહત્વ શું છે, તે સમજાવામાં આવ્યું હતું.(રેખાબેન)

**૨૧/૪/૨૩ ફેરવેલ પાર્ટી :-** પૂર્વ પ્રાથમિક ગુ-માદયમના તમામ વિદ્યાર્થી,વિદ્યાર્થીનીઓ અને તેમની માતાઓએ આ પાર્ટીમાં ભાગ લીધો જેમાં બાળકોએ ખૂબ સુંદર ગીતો અને ડાન્સ રજૂ કર્યા બાળકોની સાથે મળી તેમની માતાઓએ પણ ડાન્સ કર્યો હતો અને હર્ષો ઉલ્લાસથી વાલીઓ સાથે તેમનાં બાળકો સાથે તેમના શાળાના છેલ્લા દિવસમાં ભાગ લીધો હતો.(સમગ્ર સ્ટાફ)

  

**<u>વાંચન</u>**

- ઉત્તમ STORY ઉત્તમ READING તરફ લઇ જાય છે અને ઉત્તમ READING સર્વોત્તમ SUCCESS તરફ લઇ જાય છે.

**S - Sensibility** સંવેદનશીલતા

**T - Tact** આવડત

**O - Outlook** દ્રષ્ટિબિંદુ

**R - Responsibility** જવાબદારી

**Y- Youthful** ઉત્સાહ

- આપણાં વિકાસનું એક અનોખુ પરિબળ એટલે વાંચન. • વચન ના આપો વાંચન આપો.

